Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



આત્મ સંવત ૮૯ (ચાલુ) વીર સં. ૨૫૧૦
વિક્રમ સંવત ૨૦૪૦ વૈશાખ

## પદ ૪૬

લે. પ. પૂ. આનન્દઘનજી મહારાજ સાહેબ

ચેતન ચતુર ચોગાન લરીરી ચેતન૦
જીતલૈ મોહરાય કે લશ્કર, મિસકર છાંડ અનાદિ ધરીરી ચેતન૦ (૧)

ભાવાર્થ : – આત્માની અનન્ત શક્તિ છે. આત્મા મોહરાજાની સાથે લડીને રણમાં તેને હરાવે છે. મોહરાજાનું લશ્કર પણ મહા જબરૂં છે. મોહની અઠ્ઠાવીશ પ્રકૃતિયો રૂપ યોદ્ધાઓ આત્માની સાથે અનાદિકાળથી યુદ્ધ કરે છે. શુદ્ધ ચેતના પોતાના સ્વામિને કહે છે, હવે તૂં મોહના લશ્કરને, પોતાની અશુદ્ધ પરિણતિરૂપ કાલિમાને તજીને જીતી લે. બન્ધ, ઉદય, ઉદીરણા અને સત્તામાંથી મોહનીય કર્મની પ્રકૃતિયોને ઉડાવી નાખ. હે શુરવીર! હવે રણમેદાનમાં ખરૂં શૂરાતન દેખાડી દે.

નાગી કાઢલે તાડલે દુશ્મન, લાગે કાચી દોય ઘરીરી,
અચલ અબાધિત કેવલ મનસુફ, પાવે શિવદરગાહ ભરીરી ચેતન૦ (૨)

ભાવાર્થ :- હે ચેતન! તૂં મ્યાનમાંથી જ્ઞાનરૂપ તલવાર કાઢીને દુષ્ટ મોહરાજાના સુભટોને માર, કેમકે પોતાના દુશ્મનોની જે ઉપેક્ષા કરે છે અને સમય પામીને તેનો નાશ કરતો નથી, તે મૂર્ખ ગણાય છે. પોતાનું ખરૂં શૂરાતન ફેરવીને, તેની સાથે લડતા, કાચી બે ઘડીમાં તૂં મોહશત્રુનું નિકંદન કરી નાખીશ. પરિણામે કદાપિ કોઈ સમયે, ચલે નહિ એવી અને કદાપિ

( અનુસંધાન ટાઇટલ પેજ ૨ ઉપર )

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૮૧ ] મે : ૧૯૮૪ [ અંક : ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | સસ્તું શું ? | — | ૯૭ |
| (૨) | આસક્તિથી બચવા જેવું છે | પં. પ્રવરશ્રી ભદ્રગુપ્તવિજયજી ગણીવર | ૯૮ |
| (૩) | કામરાગ અને સ્નેહરાગને.... | વ્યા, વા. શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરિજી | ૧૦૦ |
| (૪) | એક જૈન વીર | લે. શ્રી કૃષ્ણલાલ વર્મા | ૧૦૧ |
| (૫) | ચિતળિયો | લે. સર આર્થર કોનન<br>અનુ. પી. આર. સલોત | ૧૦૪ |
| (૬) | ઓહ ? શું થવા બેઠું છે ! | પં. શ્રી ભદ્રગુપ્તવિજયજી ગણીવર | ૧૦૮ |
| (૭) | બે ચિત્રો | પોપટલાલ રવજીભાઇ સલોત | ૧૧૦ |


આ સભાના નવા માનવંતા પેટ્રન મહાશય

## શ્રી નટવરલાલ નાથાલાલ વખારીયા મુંબઈ

( અનુસંધાન ટાટઈલ ૧નું ચાલુ )

જેને કોઈપણ પ્રકારની બાધા થવાની નથી એવી અને સર્વ દુનિયાના પદાર્થોને એક સમયમાં જાણે છે એવું કેવળજ્ઞાન જેમાં છે, એવી દર્શન ચારિત્રાદિ અનન્ત ગુણોથી ભરેલી શિવદરગાહ ( મુક્તિ )ને તૂં પામી શકે-એમાં જરાપણ આશ્ચર્ય નથી,

ઔર લડાઈ લરે સો બાવરા, સૂર પછાડે નાઉ અરિરી,
ધરમ કરમ કહા બુજે ન ઔરે, રહે આનન્દઘન પદ પકરીરી ચેતન૦ (૩)

ભાવાર્થ :- શૂરો ખરા શત્રુને બાથમાં ઘાલીને પછાડે નહિ, અને અન્યથા અન્યની સાથે લડાઈ કરે તો તે મૂર્ખ ગણાય છે. અન્યો પોતાના સત્યધર્મનો મર્મ જાણી શકતા નથી. માટે હે આત્મસ્વામિન્ ! તૂં હવે મોહશત્રુને મારી નાખ. અન્તરમાં રહેલ રાગાદિને શત્રુ સમજીને, તેનો નાશ કરવારૂપ, સ્વધર્મને ગ્રહણ કરે છે અને તેથી તે પોતાનું આનન્દ સમૂહભૂત શુદ્ધરૂપ સ્થાન છે, તેને પકડીને રહે છે. અર્થાત્ આત્મા પોતાના શુદ્ધાનન્દ સ્વરૂપમાં રમણતા કરે છે અને સકળ કર્મનો ક્ષય કરે છે-એમ શ્રી આનન્દઘનજી હૃદયોદગારથી ગાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના નવા માનવંતા પેટ્રન

# જૈન સમાજ રત્ન
# શ્રીમાન શેઠશ્રી રમણભાઇ દલસુખભાઈ શ્રોફની
# જીવન ઝરમર

સમસ્ત ભારતના જૈન આગેવાનોમાં જેનું પ્રથમ પંક્તિમાં સ્થાન છે અને જિનશાસન તેમજ તીર્થ-રક્ષાના કાર્યોમાં તન, મન અને ધનથી પોતાના જીવનને સમર્પિત કરનારા મહા પુણ્યશાળી એવા મહાનુભાવ શ્રીમાન શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફે આ સભાનું પેટ્રન તરીકેનું માનદ પદ સ્વિકારતા અમે ગારવ અનુભવીએ છીએ.



જૈનોના ઇતિહાસમાં સ્તંભન તીર્થ (ખંભાત) એક અનેરૂં સ્થાન ધરાવે છે. ખંભાતના ગગનચુંબી વિશાળ જિનમંદીરો, શિલ્પકળાની અજોડ ભવ્ય અને પ્રશમ રસથી ભરપૂર ક્રાંતિવાળી દેદીપ્યમાન જિન પ્રતિમાઓ, ભૂતકાળની ભવ્ય ગાથા ગાતી ભૂંગર્ભમાંથી પ્રગટ થતી જિનેશ્વર ભગવંતોની પ્રતિમાઓ અને મંદીરો, કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રી હૈમચંદ્રાચાર્ય અને જીનશાસનને ચરણે વિપુલ સાહિત્યની ગંગોત્રી વહાવનારા મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ આદિ અનેક મહાત્માઓના ચરણ રજથી પવિત્ર થયેલ છે, અને જ્યાં મહાપ્રભાવક પુરીસાદાણી પ્રભુ શ્રી સ્થંભન પાર્શ્વનાથ બીરાજમાન છે. એવી પુણ્યભૂમિ ખંભાતમાં સંવત ૧૯૭૦ના ભાદરવા વદી ૮ના મંગળ મુહુર્તે પિતાશ્રી શ્રેષ્ઠીવર્યશ્રી દલસુખભાઈ કસ્તુરચંદ અને પુણ્યશાળી માતા સાંકુબાને ત્યાં આ પુણ્યશાળી આત્માનો જન્મ થયો હતો.

વ્યાવહારીક તેમજ ધાર્મિક અભ્યાસમાં સદાય તેજસ્વી તારાની જેમ ચમકતા. ધાામક સંસ્કારો તો વંશવારસામાં મળેલા. સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ અને સાધર્મિક ભક્તિ માટે એમનું ઘર અજોડ સ્થાને રહેતું. તીર્થધામના નરરત્નોમાં અજોડ સ્થાન પ્રાપ્ત કરનારા જે કુળમાં શેઠશ્રી પોપટલાલ અમરચંદ અને કસ્તુરભાઈ અમરચંદ બન્ને બંધુ હતા, તેમાં અનેક પુણ્ય કાર્યો કરીને શેઠશ્રી રમણભાઈએ પણ અગ્રસ્થાન પ્રાપ્ત કરેલ છે.

તેઓએ રતલામ શ્રી શાંતિનાથ પ્રભુ જિનાલય (અમરજી મંદીર)ના કેસ માટે અદ્વિતીય ભોગ આપી સફળતા પ્રાપ્ત કરી. સમ્મેતશિખર મહાન તીર્થને સરકારના હાથમાં જતુ બચાવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેવા પ્રયત્ન કરી સફળતા પ્રાપ્ત કરી, વર્ષોના વર્ષોથી અંતરિક્ષજી તીર્થના ઝગડા ચાલી રહ્યા છે ત્યાં પણ તેની રક્ષા માટે ભોગ આપી રહ્યા છે,

શેઠશ્રીનું જીવન પ્રાતઃકાળની સામાયિક પ્રતિક્રમણ, સ્નાત્રપૂજા, પૂજા, વ્યાખ્યાન, શ્રવણ, સાધુ–સાધ્વીજીની વૈયાવચ્ચ ઇત્યાદિ ધર્મ ક્રિયાઓથી રંગાયેલું રહે છે. શાસ્ત્રીય સંગીત સાથે સુંદર વાજીંત્રોના સથવારે જાતે જ ગાતા ગાતા તલ્લીન બને છે. સિદ્ધચક્ર પૂજન તથા પૂજાઓ પણ જાતે જ ભણાવે છે, આત્મકલ્યાણના અમોઘ સાધન સ્વરૂપ એકચિત્તે પરમાત્માની ભક્તિ માટે પરમ યોગીશ્રી આનંદઘનજી મહારાજે કહ્યું છે "ચિત્ત પ્રસન્ને પૂજન ફલ કહ્યું, પૂજા અખંડિત એહ" એ ખ્યાલ શેઠશ્રી રમણભાઈની પ્રભુભક્તિની રમણતામાં જોવા મળે છે.

નિયમીત ધાર્મિક વાચન, મનન ચિંતન જ્યારે જુઓ ત્યારે ચાલુજ હોય. પુણ્ય પ્રકાશનું સ્તવન એમને ખૂબજ પ્રિય છે, જ્યારે એનું વાચન કરતા હોય ત્યારે એમના મુખારવિંદ ઉપર અનેરા ભાવ જાગૃત થતા જોવાય છે.

અનેક સંસ્થાઓને શેઠશ્રીની સેવા અને માર્ગદર્શન મળતા રહે છે. ખંભાતમાં શ્રી જૈન તપગચ્છ, અમર જૈન શાળાના સંઘપતિ અને ટ્રસ્ટી, શ્રી નવપદ આરાધક સમાજના પ્રમુખ, શ્રી શાંતિનાથ જૈન દેરાસર પાયધુનીના ટ્રસ્ટી, શ્રી જૈન શ્રયસ્કર મંડળ મહેસાણાના ટ્રસ્ટી, શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘના પ્રમુખ અને ટ્રસ્ટી, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના આગેવાન પ્રતિનીધિ, શ્રી જૈન વિશાશ્રીમાળી સમાજ ખંભાતના પ્રમુખ, ઇત્યાદિ અનેક સંસ્થાઓમાં સેવાઓ આપી છે.

વ્યાપાર ક્ષેત્રમાં મેસર્સ છગનલાલ કસ્તુરચંદની પેઢી ભારતના આયાત નીકાસના ધંધામાં મશહુર છે. જેના પાયામાંથી માત્ર ૧૭ વર્ષની ઉંમરથી પેઢીનું સુકાન શેઠશ્રીએ સંભાળ્યુ હતું. એમની આંટ દેશવિદેશમાં ખૂબજ વધારી છે. ઔદ્યોગિક ક્ષેત્રમાં પણ તેઓશ્રીની ખ્યાતી ખૂબજ પ્રસરી રહી છે, તેઓશ્રીની બુદ્ધિ અને વ્યવહાર દક્ષતાને લીધે આફ્રીકા ઓવરસીઝ ચેમ્બરના પ્રમુખ, બેંક ઓફ ઈન્ડીઆની એડવાઈઝરી બોર્ડના સભ્ય, ઇન્ડીઅન મરચંટ ચેમ્બરની મેનેજીંગ કમિટીના સભ્ય તરીકે ભાગ લઈ ઉપયોગી સેવા આપી અસાધારણ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે.

વળી આવા વ્યવસાયી જીવનમાં પણ પરોપકાર, જીવદયા, અનુકંપા અને લોકકલ્યાણના કાર્યો જરાયે ભૂલતા નથી. એમની કુશાગ્ર બુદ્ધિ, ટાઈમસર કામ કરવાની પદ્ધતિ અને ત્વરીત નિર્ણય લેવાની શક્તિ અદ્‌ભુત છે. કાયદાઓનો ઉંડો અભ્યાસ તેનું અર્થઘટન એક સારા ધારાશાસ્ત્રીની બરોબરી કરે એવું પ્રશંસનીય છે,

પોતાના વતન ખંભાતમાં પૂજ્ય મુનિવર્યોની સેવા, શિક્ષણ પ્રચાર, મુંગા પ્રાણીઓનુ રક્ષણ, સાધર્મિક ભક્તિ, યાત્રાળુઓની ભક્તિ વગેરે શુભ પ્રવૃત્તિઓની અખંડ પરબ ચાલ્યાજ કરે છે.

સાર્વત્રિક ક્ષેત્રે શેઠશ્રીની સેવાઓને અનુલક્ષી ખંભાતના નામદાર નવાબ સાહેબે "તાજીમે સરદાર" જેવા મહાન ઈલ્કાબથી નવાજ્યા છે.

એવીજ રીતે મુંબઇ સરકારે જે. પી. નો માનદ ઇલ્કાબ અર્પણ કરી ગૌરવ વધારેલ છે.

દેશના રાજકીય ક્ષેત્રે પણ તેઓશ્રીએ નાની મોટી નિરાડંબરી અનેક મૂક સેવાઓ આપી છે.

શાસનદેવને પ્રાર્થના કરીએ છીએ કે, શેઠશ્રીને ધર્મકાર્યોમાં અધિક યશકીર્તિ મળો, દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થાઓ, શાસનસેવા બજાવવા ભાગ્યશાળી બનો.

સંઘસેવક :– **રાયચંદ મગનલાલ શાહ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઇ સલોત

વર્ષ : ૮૧ ] વિ. સં. ૨૦૪૦ વૈશાખ : મે-૧૯૮૪ [ અંક : ૭

# સસ્તું શું !

સમ્રાટ શ્રેણિકે રાજદરબારીઓને પૂછયું, "અનાજની સમસ્યા ઉકેલવા માટે સસ્તી કઇ ચીજ છે?"

શિકાર શોખીન એક અધિકારીએ કહ્યું, "રાજન્ ! માંસ સાવ સસ્તું છે, તે માટે પૈસોય ખર્ચવો પડતો નથી. વળી તે ખાવાથી શરીર પુષ્ટ બને છે."

આ કથનને ઘણાંએ ટેકો આપ્યો. પરંતુ અભયકુમાર ચૂપ રહ્યા. દરબાર વિખરાયો, રાત પડી. અભયકુમાર પેલા અધિકારીના ઘેર આવ્યા. ઉંઘમાંથી ઉઠાડીને કહ્યું, "સમ્રાટની તબિયત ગંભીર છે. રાજવૈદ્યે કહ્યું છે કે કોઈ મોટા માણસના હૃદયનું પા તોલો માંસ આપવામાં આવે તો સમ્રાટ બચી જાય. આપ મોટા અધિકારી છો, આપના હૃદયનું પા તોલો માંસ આપો. હું આપને એક લાખ સુવર્ણ મુદ્રા આપું છું."

અધિકારીના ચહેરાનો રંગ ઉડી ગયો. તે બોલ્યો, "લો, હું આપને એક લાખ સુવર્ણમુદ્રા આપું છું. જે હૃદયનું માંસ આપે તેને તમે આપી દેજો."

અભયકુમારે દરેક સમર્થ અધિકારીના બારણાં ખખડાવ્યા. દરેક પાસે તેના હૃદયનું માંસ માગ્યું. દરેકે પ્રત્યુત્તરમાં એક લાખ સુવર્ણમુદ્રા આપી.

બીજે દિવસે રાજદરબારમાં અભયકુમારે એક કરોડ સુવર્ણમુદ્રાનો ઢગલો શ્રેણિક રાજા પાસે કર્યો. સમ્રાટે પૂછયું, આ શાના માટે ?"

"રાજન્ ! બધાં સામંતોએ પા તોલા માંસ સામે આ મુદ્રા આપી છે અને તે પોતાના જાન બચાવવા માટે હવે આપ જ નક્કી કરો કે માંસ કેટલું સસ્તુ છે ?

ખરે જ જીવનનું મૂલ્ય અનંત છે. આપણે ન ભૂલીએ કે જેમ આપણને આપણો જીવ વ્હાલો છે તેમ સૌ કોઈને ય પોતાનો જીવ વ્હાલો હોય જ છે.

માટે જ અહિંસાનો મહિમા અપાર છે. અભયદાનની પ્રશસ્તિ અવર્ણનીય છે.

अहिंसा परमो धर्मः ।

"જિન સંદેશ"ના સૌજન્યથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આસક્તિથી બચવા જેવું છે !

—પંન્યાસ પ્રવરશ્રી ભદ્રગુપ્તવિજયજી ગણીવર

**प्रश्नः कः अन्धः ?** અંધ કોણ છે ?

**उत्तरः यः विषयानुरागी ।** જે વિષયાનુરાગી હોય છે.

વિષયોમાં આસક્ત માણસ પોતાની આંખો હોવા છતાંયે અંધ છે! વિષયોમાં આસક્તિ એ છતી નજરે આંધળાપણું છે. મનનું આંધળાપણું છે! અને મનની આંખો જેની બંધ એ માણસની વિવેકબુદ્ધિ ભ્રષ્ટ થતા વાર નથી લાગતી! વિવેકવિહોણો માનવી જે કંઈ પ્રવૃત્તિ કરશે.... પરિણામે એ દુઃખી જ બનવાનો!

એક નવોસવો આત્મસાધક પોતાના ગુરૂદેવના ચરણે ગયો. વંદના કરીને સવાલ કર્યો વિનયપૂર્વક.

"ગુરૂજી મને આસક્તિના બારામાં જરી વિસ્તારથી સમજાવવાની કૃપા કરશો ?"

ગુરૂજીએ પળવાર શિષ્યની સામે સૂચક દૃષ્ટિ નાખી. એની જિજ્ઞાસામા જીવંતતા હતી. ગુરૂની પારખી નજરોએ પળવારમાં શિષ્યની જિજ્ઞાસાને માપી લીધી.

'બેટા, કાલે સવારે એક પાંજરૂં અને થોડાંક મીઠા ફળો સાથે લેતો આવજે.

બીજે દિવસે પેલો સાધક લોખંડનું પીંજરૂં અને મીઠા ફળો સાથે ગુરૂદેવ પાસે પહોંચી ગયો.

એક વૃક્ષની છાયામાં બંને બેઠા. ગુરૂએ કહ્યું.

'વત્સ, એક ફળ તું બહાર કાઢીને વૃક્ષથી થોડે દૂર મૂકી દે.'

એણે ફળ મૂકી દીધું. વૃક્ષ પર બેઠેલા વાંદરાએ આ ફળ જોયું. ધીરે ધીરે એ નીચે ઉતર્યો. અને તરાપ મારીને ફલ લઈ પાછો ઝાડ પર ચઢી ગયો. ધીમે ધીમે ફળ ખાવા માંડયો. સ્વાદ એને ગમી ગયો. બીજા ફળની આશામાં વાંદરો પેલા માણસ તરફ લાળ ટપકાવતો જોઇ રહ્યો. ગુરૂએ કહ્યું:

'વત્સ, હવે થોડે દૂર જઈ આ પીંજરામાં ફળ રાખી દે અને પીંજરાને ખૂલ્લું મૂકી દે.'

પેલા ભાઇએ ગુરૂની આજ્ઞા મુજબ કર્યું.

વાંદરો નીચે ઉતર્યો ઝાડ પરથી. અને પીંજરા પાસે ગયો. જેવો એણે પીંજરામાં હાથ નાંખીને ફળ ઉપાડયું કે તરતજ ખટ દેતાને પીંજરૂં બંધથઈ ગયું! વાંદરાનો હાથ ફસાઈ ગયો. જો એ ફળને છોડી દે છે, મૂકી દે છે તો એનો હાથ બહાર આવી શકે. પણ એ ફળને છોડતો નથી!

ગુરૂએ પેલા ભાઈને કહ્યું:

વત્સ, જઇને પીંજરાનું બારણું ખોલી નાખ!' પેલા ભાઈએ જઈને પીંજરૂં ખોલી નાંખ્યું. વાંદરો છૂટી ગયો. ફળ લઈને ચઢી ગયો ઝાડ પર. ફળ ખાઈ ગયો. ગુરૂએ ફરીવાર પીંજરામાં ફળ મૂકાવ્યું. ફરી એજ ઘટના બની. વાંદરો નીચે ઉતર્યો. ફળ લેવા માટે પીંજરામાં હાથ નાંખ્યો અને હાથ ફસાઈ ગયો. હાથમાંથી ફળ છોડતો નથી અને ચીસો પાડે છે. ગુરૂએ ફરીથી વાંદરાને છોડાવ્યો. વાંદરો ફળ લઈને ચઢી ગયો ઝાડ પર....!

ગુરૂએ પેલા ભાઈ સામે સૂચક નજરે જોયું અને બોલ્યા:

'વત્સ, આનુ નામ છે આસક્તિ! આને કહેવાય છે વિષયાસક્તિ! વાંદરો જીભના વિષયમાં આંધળો બની ગયો હતો. ફળની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આસક્તિએ એને વારેવારે પીંજરામાં ફસાવ્યો. એ ચીસો પાડતો રહ્યો પણ ફળને ના છોડી શક્યો. કારણ? એક આસક્તિ!

સંસારના વૈષયિક સુખોને અહિતકારી માનવા છતાંએ ક્યાં છોડી શકાય છે?

કારણ આસક્તિ!

પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં આસક્તિ!

વિષયોમાં રસાનુભૂતિ થતાજ આસક્તિ સળવળે છે.

માટે વિષયોમાં રસાનુભૂતિ ન થાય એવું કંઈક શોધી લેવું જોઈએ! એનો ઉપાય વિચારી લેવો જોઈએ.

એ ઉપાય છે....સતસમાગમ!

**'सत्संगत्वे निः संगत्वम्'**

સત્પુરૂષોનો સમાગમ આપણને આસક્તિથી અગળા રાખી શકે. લુબ્ધતામાં લપેટાયા વગર રાખી શકે!

સત્પુરૂષ કોણ? અનાસક્ત યોગી સત્પુરૂષ હોઇ શકે, આસક્ત પુરૂષ યોગીકક્ષા પામી ન શકે. એ મુનિ બની ન શકે. આસક્તિથી ખરડાયેલો માણસ સાધક ન બની શકે! એ તો બિચારો પોતેજ ગંભીર દરદી હોય છે! હા....ખૂબ જ 'સીરીયસ પેશંટ!'

વિષયોની આસક્તિ જેમ ખતરનાક છે એમ વ્યક્તિ પ્રત્યેની આસક્તિ પણ એટલીજ ભયંકર નીવડી શકે. પોતાના પ્રત્યે સ્નેહ-પ્રેમ-આદર અને શ્રદ્ધા ધરાવનારા પ્રત્યે પણ આસક્ત નથી બનવાયું! આસક્તિ લાખ દોષોને તેડી લાવે છે! જો આ આસક્તિથી ખરડાયા નહી તો ક્યારેક બીજાઓ પ્રત્યે દ્વેષ નહી જાગે! તિરસ્કાર કે નફરત નહી જાગે!

એવા સત્પુરૂષોની શોધ કરવી પડશે. આજે સહુથી મોટો દુકાળ જો હોય તો આવા સત્પુરૂષોનો છે!

ધાર્મિક ક્ષેત્રમાં અને આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ અનાસક્ત યોગી પુરૂષોનો દુકાળ પડયો છે. બીજા ક્ષેત્રોમાં તો ઘોર અકાળ છે જ!

એક આંધળો બીજા આંધળાને દોરે એવી હાલત છે આજે સમાજની. !!

આંધળો કહે છે....હું જ જ્ઞાની....છું ધ્યાની છુ....હું જ સાચો છું....હું જ બધું છું!

માટે તો કહું છું છું કે સત્પુરૂષોની શોધમાંયે સતર્કતા રાખજો....નહીતર અનાસક્તિના ઓઠા હેઠળ આસક્તિની આગ ઓકતા કો'કનો શિકાર થઇ જતા વાર નહી લાગે! આસક્તિની બેડીઓ વધુને વધુ જકડાતી જશે.

વિષયાસક્તિ આંધળાપણું છે.

વિષયવિરક્તિ દિવ્યદૃષ્ટિ છે.

દિવ્યદૃષ્ટિના આલોકમાં જ પરમાત્માનો પંથ જોઈ શકાય છે! માર્ગને બરાબર જોયા વગર એના પર ચાલી કેવી રીતે શકાય?

આંધળાપણું દૂર કરવું જ રહ્યું. એ માટે આસક્તિના મૂળિયાં ખેંચી કાઢવા જ પડશે!

[ 'સ્નેહદીપ' દ્વારા અનૂદિત ]

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઈ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.

તંત્રી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કામરાગ અને સ્નેહરાગને

## વશ પડેલાની દયાજક દુર્દશાનું આબાદ ચિત્ર રજુ કરતું દષ્ટાંત

વ્યાખ્યાન વાચસ્પતિ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરિજી

### તલવરનું દષ્ટાંત

મગધ દેશમાં આવેલ કોઈ એક 'સન્નિવેશ'માં એક નન્દન નામનો તલવર રહેતો હતો. તેને બે પત્નીઓ. એકનું નામ પ્રથમશ્રી અને બીજીનું નામ દ્વિતીયશ્રી. બીજી પત્ની ઉપર તલવર ખૂબ રકત બનેલ, તેથી તેના જ ઘરમાં રહે.

કોઈ એક દિવસે તે તલવર પ્રથમશ્રી નામની પત્નીને ઘેર ગયો. તેણીએ ઉચિત એવા સ્નાન આદિથી પતિની સેવા કરી. પછી નાના પ્રકારના વ્યંજનગુણે કરીને સહિત એવું ભોજન તૈયાર કર્યું ભોજન ઘણુંજ સુંદર પણ તલવરના ચિત્તમાં તેમાંની એક પણ વસ્તુપ્રત્યે બહુમાન પેદા ન થયું. તેથી કહ્યુ, "જે દ્વિતીયશ્રીએ નથી રાંધ્યું, તે શું ખાઇ શકાય ? મને તેણીના રાંધેલા સિવાયના ખાવામાં આનંદ નથી આવતો. તેથી તેણીના ઘેર જા અને કોઈપણ શાકને લઈ આવ."

પતિની આજ્ઞા થવાથી તે સપત્નીના ઘેર ગઈ અને શાકની યાચના કરી. ત્યારે દ્વિતીયશ્રીએ કહ્યું, "આજે મેં રાંધ્યું નથી, માટે મારે ત્યાં શાક કયાંથી હોય ?" તેથી પાછી આવીને તેણીએ પતિને વાત કરી. છતાં તલવરે ફરી કહ્યું, "તેને ઘેર કાંઈ વધેલું આદિ હોય તે પણ માગી લાવ." ફરી તે સપત્ની પાસે ગઇ અને તેવા પ્રકારની માગણી કરી. દ્વિતીયશ્રીએ કહ્યું, "વધેલું પણ ચાકરોને આપી દીધેલું છે." આ ઉત્તર સાંભળી પાછી ફરી અને તે બીના પતિને જણાવી.

છતાં રાગથી પરવશ બનેલ તલવરે કહ્યું, "જે કાંઈ કાંજી જેવું હોય તે પણ તું તેના ઘેરથી લઈ આવ."

આ સાંભળી પ્રથમશ્રી કષાયયુક્ત બની બહાર જઇને તરત જ કરેલું વાછરડાનું છાણ કે જે તુવેર અને ચણાથી મિશ્રિત હતું તેણે ગ્રહણ કર્યું. તેના ઉપર સંસ્કાર કરીને "આ તેના ઘેરથી આણેલ છે,—એમ બોલી પતિ પાસે તે ધર્યું. પોતાની પ્રિય પત્નીનું બનાવેલ શાક છે એમ જાણી તે તુષ્ટમાન થયો. આ શું છે?-તે જોયા વગર અને સમજ્યા વિના ખાતો ખાતો બોલવા લાગ્યો; અહો ! મિષ્ટં ! અહો ! અહો રસવિશેષઃ અહો ! સુસ્ત્રીગુણઃ"

(અહો સુસ્ત્રીના ગુણ કેવા સુંદર હોય છે!)

### કામ રાગ અને સ્નેહરાગનું પરિણામ :—

આ રીતે આ અનંત ઉપકારીએ આપેલું તલવરનું દષ્ટાંત અને તેનો કરેલ ઉપનય કલ્યાણના કામી આત્માઓએ ખૂબ વિચારવા જેવો છે.

જે રીતે આ સ્ત્રીરક્ત તલવર ગુણ અને દોષના વિવેકથી પરાઙ્મુખ બન્યો—તેમ જે કોઈ આત્મા, કોઇ કુદર્શનમાં રક્ત બનેલ હોય છે તે આત્મા વિશેષે કરીને ગુણ અને દોષનું વિવેચન કરી શકતો નથી. અર્થાત્ કુદર્શનમાં રક્ત બનેલ આત્મામાં ગુણ અને દોષનો વિવેક કરવાની તાકાત રહેતી નથી. તેથીજ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ ફરમાવેલું છે કે—

કામરાગ અને સ્નેહરાગ ઘણીજ સહેલાઈથી નિવારી શકાય એવા છે, જ્યારે દષ્ટિરાગ તો એવો પાપી છે કે જે સત્પુરુષો માટે પણ દુરુચ્છેદ છે.

કામરાગ અને સ્નેહરાગની પરવશતાથી થઈ રહેલ દુર્દશાનો એકરાર કરતાં પ્રભુની સ્તવનામાં પણ શ્રી જિન વિજયજી મહારાજ કહે છે કે—

કામરાગે અણનાથ્યા સાંઢ પરે ઘસ્યો,
સ્નેહરાગની રાચે ભવ પંજર વસ્યો.

હે ભગવન્ ! આ કારમા કામરાગે મને અણનાથ્યા સાંઢ જેવો બનાવ્યો છે. જેથી સંસારમાં ભટકતાં અનેકાનેક ઘૃણાજનક આચરણાઓ કરી છે. અત્યાર સુધીતો મારો આ કારમા સંસારમાં જે વાસ થયો તે નાશક સ્નેહરાગને આભારી છે. 'જિનવાણી'ના સૌજન્યથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એક જૈન વીર

( ગતાંકથી ચાલુ )

લે. શ્રી કૃષ્ણલાલ વર્મા

હવે રાજા જોરાવરસિંહને ખૂબ માનવા લાગ્યા. તેથી બીજા દરબારીઓમાં જવલન ઉત્પન્ન થઈ. વિશ્વમાં પ્રસિદ્ધ છે.

ઔરનકો ઉત્કર્ષ જગ, દેખી શકત નહિં નીચ ।।

જોરાવરસિંહની રૂચી ધીરે ધીરે જગતપરથી હઠવા લાગી. હવે તે બે વખત સામાયિક કરતા; અને પોતાનો વિશેષ સમય આત્મચિંતનમાં વિતાવતા, તેથી રાજા પાસે બહુ ઓછા આવતા. ધીરે ધીરે તેઓ સંસાર અને તેની ઝંઝટોથી એટલા દૂર રહેતા કે દશ દશ દિવસ કે પંદર દિવસ સુધી દરબારમાં જવાનો તેમને ખ્યાલ ન રહેતો.

દુશ્મનોએ તેમની આ વૈરાગ્ય દશાનો લાભ ઉઠાવ્યો. એક દિવસ રાજાને કહ્યું,

એક :- હવે તો જોરાવરસિંહ ખૂબ ઘમંડી બની ગયા છે.

બીજો :- બેશક, તે હજુરની પણ પરવાહ કરતો નથી.

ત્રીજો :- હા, એજ વાત છે, પંદર દિવસ સુધી મુજરો કરવા પણ આવતો નથી.

ચોથો :- હજુર કસુર માફ કરજો. તો કહે છે કે રાજા મારી તાકાતથી સિંહાસન પર બેઠેલ છે. જો હું ઇચ્છું તો ઘડીના છઠ્ઠા ભાગમાં સઘળું ઉલટ સુલટ કરી દઉં.

રાજા :- એવું બની ન શકે. શું જોરાવરસિંહ જેવા બહાદુર અને રાજભક્ત કદિ એવું કરી શકે ખરો ?

એક :- હજુરને વિશ્વાસ નહિ આવે-તે તો અમે પહેલેથી જ માનતા થા.

બીજો :- છતાં અમે અમારી ફરજ અદા કરી છે.

ત્રીજો હજુર ભલે અમારી વાત ન માને; છતાં હું ભારપૂર્વક કહી શકું છું કે હજુર અત્યારે તેને બોલાવે તો પણ તે નહિં આવે.

ચોથો :- તે તો કહે છે કે દરબારમાં આવું તો મારી ઈચ્છાથી; કોઈના બોલાવાથી નહિ.

રાજાએ નારાજ બની કહ્યુ, "હું અત્યારેજ જોરાવરસિંહને બોલાવવા મોકલું છું. જો તે આવશે તો તમને હાથીના પગ તળે ચગદાવી દઇશ.

આ લોકો તેજ ઇચ્છતા હતા. તેઓને ખબર હતી કે અત્યારે તે સામાયિક લઇને બેઠા હશે. આવવાનું તો શું જવાબ પણ નહિ આપે, તેઓ ખુશીમાં આવી ગયા. કે આજે તેમનો ઈચ્છા પૂર્ણ થશે. પણ ખુશીની લાગણી દબાવીને તેઓ બોલ્યા, હજુર, અમને જે શિક્ષા કરશે તે અમારે મંજુર. પણ જો તે ન આવે તો તેને માટે પણ તેજ શિક્ષા મુકરર રહેશેને ? રાજાએ કહ્યુ, "હા, બરાબર."

પછી જોરાવરસિંહને બોલાવવા માટે હલકારાને મોકલ્યો. ઘરના લોકોએ કહ્યું, "અત્યારે તે ભજન કરી રહ્યાં છે. આવી શકશે નહિ."

હલકારાએ કહ્યું, "મને બતાવો તો ખરા કે તે કયાં છે. હું તેને હજુરનો હુકમ સંભળાવીને જઈશ."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હલકારાને જ્યાં જોરાવરસિંહ સામયિક કરતા હતા ત્યાં લઈ જવાયો. તેણે કહ્યું, "ચાલો, હજુર આપને અત્યારે યાદ કરે છે."

પરંતુ જોરાવરસિંહે કશો જવાબ ન આપ્યો. જવાબ કેવી રીતે આપે? અત્યારે તો તેમણે સામાયિક વ્રત અંગીકાર કરી, સર્વ સાવદ્યયોગોનો ત્યાગ કરી, આત્મચિંતનમાં મન સ્થિર કર્યું હતું. અત્યારે તેઓ નવકારવાલી હાથમાં લઈ, ભવસાગર તારવાવાળા નવકારમંત્રનો જાપ કરી રહ્યાં હતા.

થોડી પળ થંભી, હલકારે ફરી અવાજ કર્યો, "કહો હું હજુર પાસે જઈને શું અર્જ કરૂં?" ફરી પણ જવાબ ન મળ્યો. હલકારાએ જવાબ ન મળતાં પોતાનું અપમાન માન્યું. તેણે દરબારમાં આવી, મરચું મીઠું ભભરાવી વાત સંભળાવી.

દુષ્ટ દરબારીઓએ કહ્યું, "અમે પહેલેથીજ જાણતા હતાં. રાજાના ગુસ્સો આસ્માને પહોંચ્યો. તેણે હુકમ કર્યો, "પચીસ સિપાઈઓ જાઓ. જેમ બેઠા હોય તેમ ઉઠાવીને અહિં લાવો."

યમના દૂત સમાન સિપાઈઓ દોડતા ગયા, અને નવકાર મંત્રનો જાપ કરતાં જોરાવરસિંહને ઉઠાવી લાવ્યા.

પદ્માસન લગાવ્યું હતું. આંખો બંધ હતી. હાથમાં નવકારવાળીના મણકા ફરતા હતા. રાજાએ જોરાવરસિંહની આ સ્થિતિ નિહાળી અને વિચારમાં પડયા.

દુષ્ટ દરબારીઓ કહ્યું, "જોયું હજુર! અહિં પહોંચ્યા પછી પણ તેનું ઘમંડ ચાલુ છે, કેવો બગલા ભગત બની ગયો છે?"

રાજાએ પૂછ્યું, "કહો, પંદર દિવસ સુધી દરબારમાં કેમ આવ્યા નથી?"

પંચપરમેષ્ઠીના ધ્યાનમાં મગ્ન, મોહત્યાગી શું જવાબ આપે? તેમણે સંસારનો ખ્યાલ છોડી દીધો હતો, કુટુંબનો ખ્યાલ પણ છોડી દીધો હતો. તેઓ આ સમયે એવી અવસ્થામાં હતા જેનું વર્ણન એક કવિએ કર્યું છે:

જો કાચ કંચન સમગિને, અરિ મિત્ર એક સરૂપ;
નિન્દા બડાઈ સારખી, વનખંડ શહર અનૂપ. ૧.

સુખદુઃખ જીવન મરણમેં, નાખુશી ના દિલગીર;
વે સાધુ મેરે મન બસૌ, મેરી હરૌ પાતક પીર. ૨.

આવી પરમ ઉત્કૃષ્ટ ભાવદશા પ્રાપ્ત કરનાર જોરાવરસિંહ, પૃથ્વીના એક ટૂકડાના માલિક, મોહમાયામાં લિપ્ત, ક્રોધી પ્રાણીના સવાલનો શો ઉત્તર આપે?

માનવી જ્યારે પોતાના સવાલનો જવાબ મેળવતો નથી ત્યારે તે ખૂબ નારાજ થાય છે. **શિક્ષા કરનાર કોઈને શિક્ષા કરવા** ઇચ્છે, અને દંડ પામનાર જ્યારે રડે નહિ કે બૂમબરાડા પાડે નહિ, હાય! હાય! કરે નહિ ત્યારે દંડ દેનારની હિંસાવૃત્તિ ખૂબ જ ઉગ્ર બની જાય છે. રાજાએ હુકમ કર્યો, "આ દુષ્ટને અત્યારેજ હાથીના પગ તળે ચગદાવી દો, અને તેના અભિમાનને ઉચિત દંડ કરો."

પુરાણા સમયથી એક કહેવત ચાલી આવે છે:

રાજા, જોગી, અગન, જળ, ઈનકી ઉલટી રીત;
ડરતે રાહએ પરસરામ, ઓછી પાળે પ્રીત.

વળી કહ્યું છે:—

જોગી કિસકા ગોઠિયા, રાજા કિસકા મિત;
વેશ્યા કિસકી ઈસતરી, તીનોં મિંત કુમિંત ॥

તેમજ બન્યું. જે જોરાવરસિંહ રાજાનો જમણો હાથ હતો તેનેજ રાજાએ નષ્ટ કરવાનો હુકમ કર્યો. દુષ્ટો ખુશ થયા. ભલા માનવીઓની આંખો સજળ બની અને લજ્જાથી ઝુકી પડી.

જોરાવરસિંહ આ તરફ સવસ્થ અને શાંત બેઠા હતા. જેવી રીતે ઘરમાં બેઠા હોય તેવી રીતે. આ ધર્મવીરના કાને આ રાજાની આજ્ઞા ન પહોંચી પહોંચી હોય તો તેના હૃદયને ન સ્પર્શી શકી,



For Private And Personal Use Only

જોરાવરસિંહને ચોકમાં લઈ ગયા. મસ્ત હાથી શોધીને લાવવામાં આવ્યો. હાથી સામે આવ્યો. તેણે સૂંઢ ઊંચી નીચી કરી જાણે કે ધ્યાનમગ્ન ધીરને નમસ્કાર કર્યા.

મ્હાવતે અંકુશ માર્યું. હાથી રાડ સાથે આગળ વધ્યો, ધ્યાનમાં બેઠેલા જોરાવરસિંહ ઉપર પગ મૂકવા, પગ ઉંચા કર્યા. પરંતુ કંઈક વિચાર કરીને પગ પાછા ખેંચ્યા. જાણે સૂચના દેતો હોય "ધર્મવીર સામેથી હઠી જા."

જોરાવરસિંહ ન નાસતો જોઈ અને મ્હાવતે ફરી અંકુશ લગાવ્યું ત્યારે હાથીએ ઉન્મત્ત બનીને ચિંઘાડ દીધી. તેણે જોરાવરસિંહને સૂંઢમાં પકડી, આમ તેમ ફેરવ્યો અને પછી આકાશમાં ઉછાળ્યો. જોરાવરસિંહ દડા માફક ઉપર ઉડયા અને ધડાકા સાથે જમીન પર પછડાયા, ધબાક-અવાજ સાથે '**અર્હન્**' શબ્દ સંભળાયો. મ્હાવતે ફરી અંકુશ લગાવ્યું. હાથી આગળ વધ્યો. હાથીએ જોરાવરસિંહની છાતી પર પગ મૂકયો. જોરાવરસિંહના મુખમાંથી ફરી '**અર્હ**' —શબ્દ નીકળ્યો. '**ત્**' શબ્દનો ઉચ્ચાર ન થઇ શકયો. તરતજ કડાકો બોલ્યો, જોરાવરસિંહની પાંસળીઓ તૂટી ગઈ. આ ધર્મવીર મહાવીરના સાચા અનુયાયી, મોહમાયાના જીતનાર સાચા જૈન '**અર્હત**'નો જાપ કરતા સ્વર્ગલોક તરફ પ્રયાણ કરી ગયા. અને જૈનોને શિખવ્યું.

વીરકી તરહ જીઓ, ઔર વીરકી તરહ મરો.




# પ્રગટ થઈ ચૂકેલ છે

**સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ લો** તથા **શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ જો** જેની મર્યાદીત નકલો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી છે. અને તે બન્ને ભાગો મૂળ કીંમતે આપવાના છે.

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ લો** (પૃષ્ઠ સંખ્યા-૨૨૪) કીંમત રૂપિયા પંદર.

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ જો** (પૃષ્ઠ સંખ્યા-૪૪૦) કીંમત રૂપિયા પાંત્રીશ.

—: સ્થળ :—

**શ્રી જૈન આત્માનંદ સભા**

ઠે. ખારગેટ : **ભાવનગર** : (સૌરાષ્ટ્ર)

**તા. ક.** : બહારગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ અલગ આપવાનો રહેશે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચિતળિયો

( ગતાંકથી ચાલુ )

લે. સર અર્થર કોનન
અનુ. પી. આર. સલોત

ગત સપ્તાહમાં તેણે એક લુહારને વહેતા પાણીમાં ફેંકી દીધો. કુટુંબની આબરૂ સાચવવા, બને તેટલી રકમ એકઠી કરી, તે વાત પર પડદો પડાવ્યો. રખડતાં જીપ્સીઓ સિવાય તેમનો કોઇ મિત્ર નથી. તેમના આમંત્રણ મળતાં દિવસોના દિવસો સુધી ભમતા રહે છે. વળી તેમને જંગલી જાનવરનો શોખ છે. તેથી અત્યારે એક ચિત્તો અને માંકડુ મેદાનપર છૂટથી ફરે છે.

માલિક અને જાનવરોથી ગ્રામજનતા ખૂબ ડરે છે.

મારા કથન ઉપરથી આપ કલ્પી શકશો કે મને અને મારી બહેન જુલિયાને જીવનમાં કશો રસ રહ્યો નથી. કોઈ નોકર ચાકર પણ અહીં ટકે નહિ. ઘરનું તમામ કામ હાથે જ કરવું પડે. મારી બહેન જુલિયા મૃત્યુ પામી ત્યારે તેની ઊંમર ફક્ત ૩૦ વર્ષ જ હતી, પણ વાળ ધોળા થવા લાગ્યા હતા.

શું આપની બહેન ગુજરી ગઈ છે ?

તે બે વર્ષ પહેલાં જ મૃત્યું પામી. તેના મૃત્યુ માટે જ આપને મળવાનું થયું છે.

મારી માતાની કુંવારી બહેન હોનોરિયાને પ્રસંગોપાત મળવાની અમને છૂટ મળતી. બે વર્ષ પૂર્વે જુલિયા નાતાલમાં તેમને મળવા ગઈ. ત્યાં રજા ઉપર આવેલ મેજર સાથે તેનું વાગ્દાન થયું. મારા ઓરમાન પિતાને જાણ થઇ; પણ લગ્ન માટે વિરોધ ન કર્યો, પણ લગ્નના દિવસ પહેલાં પંદરમે દિવસે, એક ભયંકર બનાવ બની ગયો. હું મારી બહેનને ગુમાવી બેઠી.

આ સાંભળતાં જ શેરલોક હોમ્સ પોતાના હોઠ અધખુલા કર્યા અને આગન્તુક પર વેધક દષ્ટિ નાખી.

“ કૃપા કરી, બરાબર સાચી વિગતો કહેજો.”

આમ કરવું મારે માટે તદ્દન સરળ હતું, કેમકે તે બનાવની વિગતો મારા હૃદયમાં જવાલા જેમ સળગતી હતી.

અમારૂં ઘર પણું જૂનું છે. તેની એક જ પાંખમાં વસવાટ છે. શયનકક્ષો ભોંયતળીયા પર છે, દિવાનખાનું મધ્યભાગમાં છે, શયનકક્ષોમાં પ્રથમ ડો. રોયલોટનું, બીજું મારી બહેનનું અને ત્રીજુ મારૂં. એક બીજામાંથી અવર જવર નથી. બધાંજ પરશાળમાં ખૂલે છે. વધારે સ્પષ્ટતાની જરૂર ખરી ?

‘ સંપૂર્ણતઃ જણાવો. ’

ત્રણે કક્ષાની બારીઓ ગોદરી પર ખૂલે છે.

મૃત્યુ રાત્રિના સમયે ડો. રોયલોટ વહેલાજ રૂમમાં ગયા હતા. તેમની દેશી બીડીઓ પીવાની ફુંકવાની ટેવથી મારી બહેનને દુર્ગંધનો ત્રાસ રહેતો તેથી મારી બહેન મારા કક્ષમાં આવી, આવતાં લગ્નની વાતમાં અમે રોકાયા. રાત્રિના ૧૧ વાગે તે સૂવા માટે પોતાના કક્ષમાં ગઈ, પણ જતાં જતાં તેણે પૂછયું, “ બહેન કહે તો ખરી કે તેં રાત્રિના કોઇ સુસ્કાર—સૂ–સૂ–અવાજ સાંભળ્યો છે ?

‘ કદી નહિ—મેં કહ્યુ, ’

હું માનું છું કે તૂં પોતે ઉંઘમાં આવો અવાજ નહિ કરતી હોય ?

“ ચોક્કસ નહિ. પણ શા માટે ?

કારણ કે છેલી થોડી રાત્રિઓમાં સવારના ત્રણ આસપાસ હું ધીમો સ્પષ્ટ સૂસ્કાર અવાજ સાંભળું છું, હું કાગ નિદ્રા વાળી છું તેથી જાગી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાઉં છું. તે કયાંથી આવે છે તે કહી શકતી નથી. કદાચ બાજુના રૂમમાંથી, કદાચ ગોંદરી પરથી.

તેથી જ મેં તને પૂછવા માટે વિચાર્યું."

"ના મેં સાંભળેલ નથી. પડાવ નાખી પડેલા જીપ્સીઓ તરફથી હોવો જોઈએ."

"ખૂબ સંભવિત. જો ત્યાંથીજ આવતો હોય તો તૂં કેમ ન સાંભળે? તેનું મને આશ્ચર્ય થાય છે.

"પણ હું તો ગાઢ નિદ્રાવાળી છું."

"સારું, તે બહુ ઉપયોગી નથી," તે મારા તરફ સહેજ હસી. થોડા સમય બાદ તાળામાં કુંચી ફરતી હોય તેમ સંભળાયું.

"ખરેખર! રાત્રિના તાળું વાંસી સૂવાની તમારે રીતરસમ છે?"

"હંમેશ-એજ રીતે" આપને મેં પ્રથમ કહ્યું હતું કે ડોકટર ચિત્તો અને માંકડુ રાખે છે. જો અમારાં બારણાં બંધ ન હોય તો અમારી સલામતિ રહે નહિ.

"તદ્દન સાચું આગળ ચલાવો."

તે રાત્રિના મને ઊંઘ ન આવી. ભાવી ભયના ઓળાએ મારા પર કાબૂ જમાવ્યો.

એક તો અમે સાથે જન્મેલાં; વળી અમારા શરીર જુદા પણ આત્મા એકજ જાણે કે! ભયાનક રાત્રિ ગર્જતા પવનથી વધુ ભયંકર બની. બારીઓ પર વરસાદના ઝાપટાની થપાટો પડતી હતી. તેજ વખત એક બેબાકળી બનેલ સ્ત્રીની ભયંકર ચીસ સંભળાઈ. તે ચીસ હતી મારા બેનની. પથારીમાંથી હું કૂદી પડી. ગરમ કપડું દેહ પર વીંટાળ્યું ને પરસાળ તરફ ધસી. તેજ વખતે મારી બેનને અગાઉ કહેલ સીસ્કારા સંભળાયા. થોડી પળો બાદ વાસણ પડવાનો અવાજ થાય તેવો અવાજ સંભળાયો. હું મારી બેનના રૂમ તરફ દોડી, બારણું અધખોલું હતું. ભયગ્રસ્ત બની મેં નિહાળ્યું. પરસાળના દીવાના પ્રકાશમાં, ભયથી ફીક્કી પડી ગયેલ બહેનને બારણા પાસે આવતી જોઇ. સહાય્ય માટે હાથ પહોળા કર્યા હતા. દારૂડિયાના દેહ જેમ તેનું શરીર લથડતું હતું. હું દોડી, મેં તેને મારી ભુજામાં સમાવી. તેજ વખતે તે ઢગલો થઈ નીચે પટકાઈ. તેના અંગો તાણ અનુભવતા હતા. હું તેના તરફ નમી કે તરત જ તે બોલી ઉઠી, "હેલન! ઇશ્વર! તે પટ્ટો—ટીપકીવાળો પટ્ટો હતો." દાકતરના રૂમ તરફ આંગળી ચીંધી. પણ તાણનો ફરી હુમલો થયો અને શબ્દો ગુંગળાઈ ગયા. મેં પિતાના નામની બૂમ મારી. તે ઉતાવળે આવ્યા. મારી બેન નજીક આવ્યા ત્યારે જુલિયા બેભાન હતી. તેણે ગળામાં બ્રાન્ડી રેડયું અને વૈદકીય મદદ માટે માણસ મોકલ્યો. સર્વ પ્રયત્નો નિષ્ફળ ગયા, કેમકે બેભાન અવસ્થામાં જ તેણે દેહ છોડયો. કેવો ભયંકર અને કરૂણ અંત!

"આપને સીસ્કારા અને વાસણના અવાજની સંપૂર્ણ ખાત્રી છે? પ્રતિજ્ઞા પૂર્વક કહી શકશો?

આપ જેવો જ દેશી દાકતરે પ્રશ્ન પૂછયો હતો. મેં જરૂર સાંભળેલ—ખાત્રીપૂર્વક કહું છું.

તોફાનના કડાકા અને જૂના ઘરના વિચિત્ર અવાજો વચ્ચે, સંભવતઃ હું છેતરાઇ પણ હોઉં આપની બહેન પૂરા પોષાકમાં હતા?

"ના, તેણે રાત્રિનો પોષાક પહેર્યો હતો. તેના જમણા હાથમાં દીવાસળીનો શ્યામ છેડો અને ડાબા હાથમાં દીવાસળીની પેટી હતી.

આ સૂચવે છે કે ભય વખતે તેણે દીવો કર્યો હોય અને આમ તેમ નજર નાખી હોય. ગ્રામ્ય વૈદ્યે શું અનુમાન કરેલ?

લોકોમાં ડો. રોયલેટનું વર્તન શંકાશીલ હતું. પણ ચોક્કસ અનુમાન તે તારવી ન શકયા. રૂમની પરિસ્થિતિ જોતાં બહારથી કોઇને પ્રવેશ થઈ શકયો ન હતો. મૃત્યુ વખતે તે એકલી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ રૂમમાં હતી. તેના શરીર પર કોઈ ઇજાના પણ ચિન્હો ન હતા.

"ઝેર વિષે આપનો મત શો છે?

વૈદ્યે તે માટે તપાસ કરી હતી; પણ નિષ્ફળતા સાંપડેલ.

"તો આપના બેનનું મૃત્યું શાથી થયું?

હેલને કહ્યું, "હું માનું છું કે માનસિક આઘાત અને ભયથી તે મૃત્યું પામી, પણ તેને શેનો ભય લાગ્યો તે હું કલ્પી શકતી નથી."

તે સમયે તમારા મેદાન પર જીપ્સીઓ હતા?

"હા, તેઓ હંમેશ ત્યાં પડ્યા જ રહે છે."

"અરે! તમે ટીપકાવાળા પટ્ટા વિશે શુ માનો છો?"

"કદાચ, માનસિક સમતોલનના અભાવે થયેલ બકવાદ અગર તો જીપ્સીની મંડળી બાબત અગર જીપ્સી લોકો ટીપકીવાળો રૂમાલ બાંધે છે તેને ઉદ્દેશી બોલી હોય!"

હોલ્મસે માથુ ધુણાવ્યું, "આ તો ઊંડા પાણી છે, આપ આપનું બ્યાન ચાલુ રાખો."

એ વાતને બે વર્ષ વીતી ગયા, મારૂં જીવન વધારે અટુલું બન્યું એક માસ પૂર્વ મારા એક મિત્રે મારા હાથની માગણી મૂકી. તેનું નામ છે આર્મીટેઇજ. મારા લગ્ન માટે મારા પિતાએ કશો વિરોધ ન કર્યો. વસંતમાં લગ્ન સંભવિત છે. બે દિવસ પહેલાં જ મકાનનું 'રીપેરીંગ' શરૂ થયું પશ્ચિમી પાંખમાં મારા શયન કક્ષદિવનીલને અસર થઈ તેથી મારે મારા બેનના કક્ષમાં જવું પડ્યું; અને તેનીજ પથારીમાં સૂવું પડ્યું. ગઇ રાત્રીએ અગાઉ મુજબના સીસ્કારા સંભળાયા, ત્યારે મારી શી સ્થિતિ થઈ હશે-આપ કલ્પી લો.

હું પથારીમાં બહાર કૂદી પડી. બત્તી કરી પણ કશું નજરે ન પડ્યું. ફરીને પથારીમાં જવાની હિમંત ન ચાલી. તેથીજ મળસ્કું થતાં, કપડાં ચઢાવી, હું બહાર સરકી આવી. ધર્મશાળા પાસેથી શ્વાન ગાડી બાંધી, લેધરલેન્ડ સ્ટેશને પહોંચી અને અહિં આવી આપની સલાહ લેવા માટે જ.

"આપે સમજપૂર્વકનું ડગ ભર્યું છે. પણ વાત પૂરી થઈ ગઇ?"

"હા, બધુંજ પુરૂં થયું.

"કુમારી સ્ટોનર, નહિ-આપ આપના પિતાને પડદાથી ઢાંકી રહ્યા છો."

અરે! એટલે શુ?

પ્રત્યુત્તરમાં તેના હાથ પરની કાળી કિનાર ધકેલી, હાથ પર પાંચ કાળા ડાઘા, ચાર આંગળાની છાપ અને સદ્દૃઢ કાંડા **પર અંગુઠાની** છાપ બતાવી આપ પ્રત્યે ક્રૂર વર્તન **થયેલું છે.**

હેલનનું લોહી ઉડી ગયું. ઇજા પામેલ કાંડાને ઢાંકી દીધું. "તે ખડતલ માનવી છે અને તેની તાકાતનું તેને ભાન નથી."

લાંબી શાંતિ છવાઈ. હોલ્મ, હાથ પર હડપચી રાખી વિચાર ગ્રસ્ત બન્યા અને સળગતી સગડી તરફ જોઇ રહ્યા,

છેવટે કહ્યું, "આ ઉંડું કાર્ય છે. તેથી મારે ખૂબ વિગતો જાણવી પડશે. પછીજ કાર્ય હાથ ધરી શકીશ. બીજી બાજુ એક ક્ષણ ગુમાવવી પાલવે તેમ નથી. જો અમે ત્યાં આવીએ તો તારા પિતાને ખબર ન પડે તે રીતે એ ઓરડાઓ જોઈ શકીએ?

તે અહિં આવવાના છે તેથી આખો દિવસ ત્યાં તેની ગેરહાજરી હશે, અમે એક ઘરનોકર રાખેલ છે. પણ તે બાઈ વૃદ્ધા છે અને મૂર્ખ છે આપના રસ્તામાંથી તેને હું દૂર રાખી શકીશ.

"ઉત્તમ. વોટસન આપને મારી સાથે આવવામાં વાંધો નથીને?

"જરાયે નહિ" વોટસને કહ્યું.

"અમે બન્ને આવશું. આપ હવે શું કરવાના છો?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

" મારે એક બે કામ છે તે પતાવી ૧૨ પહેલાં હું ઘેર પહોંચી જઈશ."

"તમે અમારી રાહ બપોર પછી જોજો, મારે પણ નાનું એવું કામ છે. આપ નાસ્તા માટે નહિ રોકાઓ ?"

"નહિ, મારે જવું જોઈએ. મેં મારી તકલીફ આપને જણાવી તેથી મારા મનનો ભાર હળવો થયો છે. હું આપની રાહ જોઇશ."

તેણે કાળો પડદો ચહેરા પર ચઢાવી દીધો. અને શાંતિની ચાલી નીકળી.

"વોટસન, આપ શું ધારો છો ?"

"મને તો આ ખૂબ અંધકારમય અને દુઃખદ લાગે છે." "જો તે સ્ત્રીએ જણાવેલ ઘટના હોય તો કામ ઘણું અઘરૂં છે."

પણ સીસ્કારા અને મૃત્યુ પામતી સ્ત્રીના છેલ્લા શબ્દો—ટીપકીવાળો પટ્ટા શું બતાવે છે ?

હું કશું વિચારી શકતો નથી.

"મને સ્પષ્ટ લાગે છે કે તેના પિતાને લગ્ન ન થવા દેવામાં રસ છે. ટીપકીવાળા પટ્ટાના ઉલ્લેખ અને સીસ્કારા પાછળ રહસ્ય છૂપાયેલું છે. તેથીજ ઓરડીઓની મુલાકાત ખૂબ જરૂરી છે.

( ક્રમશઃ )


# શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન

શાશ્વતા તીર્થની ઉપાસના આવા પુનિત પુસ્તકના વાચન દ્વારા વિશેષ રીતે થઇ શકે છે. તેથી આ પુસ્તક દરેક ઘરે વસાવવા જેવું છે.

નવ્વાણુ યાત્રા કરનાર ભાગ્યવંતોને, વર્ષીતપ કરનાર તપસ્વીઓને, તેમજ શ્રી જૈન સંઘના શ્રાવકો અને શ્રાવિકાઓને પ્રભાવનામા આપવા લાયક પુસ્તક છે. આ પુસ્તકમા પુનિત તીર્થના પંદર ફોટાઓ છે કિંમત ફક્ત ૬-૦૦ રૂપિયા જે વ્યક્તિ સો કે સોથી વધારે પુસ્તક મંગાવશે તેમને દશ ટકા કમિશન આપવામા આવશે.

શ્રી જૈન આત્માનંદ સભા ખારગેઇટ
ભાવનગર ( સૌરાષ્ટ્ર )



**श्री हेमचन्द्राचार्य कृतम् प्राकृत व्याकरणम् ( अष्टमोऽध्यःयः )**

શ્રી જૈન આત્માનંદ સભાનું પ્રકાશન-૯૪મું રત્ન છે. સાચા અર્થમાં તે રત્ન જ છે કેમકે તેના વિવિધ કારણો પ્રાકૃત ભાષાના અભ્યાસીને પુનિત ભાષાથી પ્રકાશિત કરે છે. પ્રાચીન પ્રાકૃત ભાષાના વ્યાકરણોમાં આ પુસ્તકનું અદ્વિતીય સ્થાન છે. અર્વાચીન વિદ્વાનોએ આ પુસ્તકને બીરદાવ્યું છે. અભ્યાસીને સંપૂર્ણ જ્ઞાન મળે અને તુલનાત્મક અભ્યાસ થાય તે માટે આ પુસ્તકમાં નવ Apperdiees આવેલ છે. જર્મન જેવા દેશમાં તેમજ મહાન વિદ્યાપીઠોની માંગ સારી છે. તેજ તેનું મૂલ્યાંકન છે.

Price Rs. 25-00 Pound 5-00 Dolar 2-10

: પ્રાપ્તિસ્થાન :

**શ્રી આત્માનંદ સભા** ખારગેઈટ, **ભાવનગર.**




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઓહ!
# શું થવા બેઠું છે!

પન્યાસપ્રવરશ્રી ભદ્રગુપ્તવિજયજી ગણીવર

ચૂપચાપ આભની આંખેથી સરી પડતી નદી જેવી વરસાદની પળોમાં હું ખામોશીમાં સંગોપાઇને બેઠો હતો. સંઘ અને શાસન.....ધર્મ અને વ્યવસ્થાના વિચારોથી મનનું ગગન છવાયેલું હતું. એક હાંફતી....ડૂસકા... ભરતીભીતરનો અવાજ વિચારોના વાદળ વીંધીને બહાર આવી પહોંચ્યો હતો.

પોતાની જાતને 'જૈન' તરીકે ઓળખાવનારાઓના હૈયામાં, 'જિન' પ્રત્યે, જિનેશ્વરના વચનો પ્રત્યે શ્રદ્ધાનો દીવડો જલે છે ખરો? 'જિન'નો અર્થ બી એઓ જાણે છે ખરા?

શ્રદ્ધા શું કેવળ શબ્દોમાં કે પુસ્તકના પાનાઓ પર પથરાયેલા અક્ષરોમાં કેદ નથી થઈ ગઈ?

થોડી ઘણી ક્રિયાઓ....થોડાઘણા અનુષ્ઠાનોની ઓઠે જ જાણે શાસન આખુ સંકોચાઈ ગયું!

નાના મોટા વરઘોડાઓ કે મહોત્સવોના આયોજનમાં જ શાશન પ્રેમ! સિદ્ધાંતનિષ્ટા સમાઈ ગઈ છે?

અને સમ્યક્ જ્ઞાન!

એકાન્તવાદથી ભરપુર ધર્મનો ઉપદેશ આપનારાઓમાં જ્ઞાન? અને એ પણ સમ્યક્?

જેઓએ નિશ્ચય અને વ્યવહારના એકડા નથી ઘૂટયા ચિંતન! મંથનની પાટી પર....ઊત્સર્ગ અને અપવાદની જેમની પાસે જાણકારી નથી. નય–નિક્ષેપના રહસ્યો જેણે ઉકેલ્યા નથી....જિનાગમોનું અધ્યયન ગુરૂચરણે બેસીને જેમણે કદી કર્યું નથી....એદમ્પર્ય અર્થ સુધી જેમની પ્રજ્ઞા પહોંચી નથી....એવા લોકો ધર્મનો ઉપદેશ આપે છે! જાતને ધર્મોપદેશક તરીકે ઓળખાવે છે? શું આવા લોકો સમ્યગ્જ્ઞાન આપી શકે ખરા?

આજે જિનશાસનના કોણ સરતાજ છે? પોતાની જાતને સર્વેસવા માની લેનારા કે મનાવનારા તો ઘણા બધા છે....પણ એ તો મિથ્યાગર્વની ઘોષણા માત્ર છે! પાખંડભર્યું અભિમાન છે!

અભાન અને અનાચારોમાં અટવાઈને રાહ ભૂલેલા કંઈ કેટલાય જૈનોની ઘોર ઉપેક્ષા કોણ કરી રહ્યું છે? આ લોકોને જ્ઞાનનો અજવાસ આપવાનો અને સદાચારોનું સુધા–સીંચન કરવાનું કર્તવ્ય કોનું છે? કોણ એની સામે આંખ–મીંચામણાં કરી રહ્યું છે?

બધીજ બુરાઇઓ અને ખરાબીઓને 'કાળ' અને 'કર્મો'ની ખીંટીએ ટીંગાડીને, શાસનના કહેવાતા નાયકે કે પ્રભાવક મહાપુરુષો પોતપોતાની ડફલી અને પોતપોતાનો રાગ આલાપી રહ્યા છે. બધાજ શાહમૃગી નીતિના શિકાર બની બેઠા છે....શું આ ભંભીર ગુનો નથી? અક્ષમ્ય અપરાધ નથી!

જૈન પરિવારો માત્ર ભારતમાંજ નહી....પણ વિશ્વભ્ર કેટલાય દેશોમાં હજારોની સંખ્યામાં જઈ વસેલા છે! લાખો જૈનો વિદેશમાં વસે છે. એ લોકોમાં શ્રદ્ધા, જ્ઞાન અને સંયમની સરવાણી કોણ વહાવશે? એ બધા જીવોને જિનવચનોનુ અમીપાન કોણ કરાવશે? શું કોઈ પોતાની નૈતિક જવાબદારી સમજવાની હિંમત નહી કરે?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રદ્ધના મૂળિયાં હાલી ઉઠયા છે.

જ્ઞાનનો દીવડો ઝાંખો થઈને બૂઝાવા લાગ્યો છે.

સંયમના ફુલો ચીમળાઇ–ચીમળાઈ ગયા છે!

પછી કઈ વાતનું ગૌરવ લઈને માનવજીવનની સફળતાના ગાણાં ગાઈ શકાય?

અશ્રદ્ધા પરમં પાપં, અશ્રદ્ધા ઘોર પાપ છે. જે આજે જન જનમાં વ્યાપક બની રહ્યું છે?

અજ્ઞાન અને અણસમજનો ઘોર અંધકાર વધારેને વધારે ઘેરાતો જાય છે! માનવી આ અંધારામાં આંખ છતાંયે આંધળો બનીને ભટકી રહ્યો છે!

ચારિત્ર–સંયમ કે મર્યાદા ચીંથરેહાલ બનીને ડૂસકાં ભરે છે!

છતાંયે શાસ્ત્ર અને શાસ્ત્રકારોની દુહાઈ દઈ દઈને અનેક વાણીશૂરા પંડિતો કારતક–માગસરના વાદળાની જેમ જોરશોરથી ગરજ્યા કરે છે!

એક બૂંદ....એકાદ ટીપું આકાશથી વરસતું નથી....ખાલીમાલી ગર્જનાના ગડગડાટ ભાંભર્યા કરે છે! છતાંયે તમાશામાં તાલી આપતા કેટલાક મોરલાઓ ગર્જનાં સાંભળીને બરાડે પણ છે!

અંધ અનુકરણનો યુગ આંધળી દોટ મૂકીને ફેલાઈ રહ્યો છે! પછી એ અનુકરણ વ્યસનનું હોય કે ફેશનનું હોય! નથી તો તનની તંદુરસ્તીનો ખ્યાલ કે નથી મર્યાદાઓની સમજ! કપડા દેહને ઢાંકવા માટે જાણે નથી ને દેહને ઉઘાડવા માટે આ કપડા પહેરાય છે એવા તો ડ્રેસીસ પહેરાય છે!

જાતજાતના ખોટા ને ખરાબ વ્યસનોમાં લોકો બૂરી રીતે ફસાઈ રહ્યા છે. રોગોના ગાળિયા વધુંને વધું ફેલાતા જાય છે. વૈષાયક સુખોની વાસના ભડકે બળે છે. દૈહિક લાલસાઓની હોળી સળગે છે!

ધર્મના સ્થાનો અને ઉપાસનાના સ્થળોએ પણ મહત્ત્વાકાંક્ષી અને સત્તાના નશાબાજ માણસો-એ લડાઈ ઝઘડાના અખાડા ઉભા કરી દીધા છે! અજ્ઞાની અને અલ્પજ્ઞાની લોકોના અહંકારના પાપે મંદિરો મનમુટાવના કારણ બની ગયા છે. ધર્મસ્થળો કલેશના કુંડાળાથી ઘેરાઈ ગયા છે!

શ્રીમંતો પણ પોતાની આછકલાઇ અને અકડાઈ જાણે ધર્મસ્થાનોમાંજ વધારે ઓકવા માંડયા છે. શ્રીમંતાઇની ઉદ્ધતાઈથી અળગા રહેલા શ્રીમંતો કેટલા? શ્રી–હીન શ્રીમંતોનો રાફડો ફાટયો છે!

અલ્પજ્ઞ લોકો સર્વજ્ઞનું મહોરૂં પહેરીને ધર્મક્ષેત્રમાં પગપેસારો કરવા લાગ્યા છે! એકાંતવાદની બોલબાલા છે. અનેકાંતવાદ જાણે શાસ્ત્રોની સળિયામાં પૂરાઈ ગયો છે! શાસ્ત્રનિરપેક્ષ વાતો વધુ ને વધુ જોરશોરથી કરવામાં આવે છે.

કોણ કોને કહે? કોઈ કોઈને સાંભળવાજ તૈયાર કયા છે? બધા સંભળાવવા માંગે છે. પોતાની વાત મનાવવા મથે છે!

નવા નવા ભવ્ય–આલીશાન જિનમંદિરો બની રહ્યા છે. દર્શન કરીને અપૂર્વ આહ્લાદ અનુભવાય છે. પણ જ્યારે જિનેશ્વરની પ્રતિમાઓની આંખોમાં ઠપકાનો ભાવ વાંચુ છું ત્યારે હૈયું હબકી જાય છે!

'મારા વચનોની અવહેલના કરીને....મારી આજ્ઞાઓને ઠોકરે ચઢાવીને તમે શું મારી ભક્તિ કરી રહ્યા છો? આ રીતે શું તમે મોક્ષમાર્ગ પર આગળ વધી શકવાનાં? મોક્ષમાર્ગે ચાલવા માટે તો મારી આજ્ઞાનું અક્ષરશ પાલન કરવું જ પડશે! સાચી રીતે/સારી મારી આજ્ઞાને પહેલા સમજી લ્યો!'

( અનુસંધાન પેજ નં. ૧૧૧ ઉપર જુઓ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બે ચિત્રો

### અનુભવની એરણ સર્જિત

ચૈત્ર માસના પ્રખર તાપના દિવસે સાધ્વી મહારાજ સાહેબો વિહાર કરી, પસીનાથી રેબઝેબ એક બંધ આલય પાસે આવી પહોંચ્યા. ઉપાશ્રયને તાળું લટકતું હતું. તેથી નજિકમાં ઉભા રહી ગયા. કોઈક ભાવુકે સમાચાર પહોંચતા કર્યા અને એક વ્યક્તિ નિર્લેપ ભાવે આવી દ્વાર ખોલ્યાં. પણ તેને પોતાની ફરજ કે આચારની જાણ ન હતી. પ. પૂ. સાધ્વીજીએ કહ્યું, "ભાઈ! અમે આ સ્થાન વાપરી શકીએ? પ્રત્યુત્તર 'હા' માં આપી તે રવાના થયો. પૂ. સાધ્વીજી મ. સા. ઠંડાં વિરામ સ્થળમાં પગ મૂકી શાંતિ અનુભવી. પણ મકાનમાં ધૂળે પગદંડો જમાવેલ. તેથી કાજો કાઢયો. 'ઈરિયાવહિયં' ઈત્યાદિ વિધિ પતાવી, આરામ અનુભવ્યો થોડીજ વારમાં પાણી વહોરવાનું કહેવા તે વ્યક્તિ આવી. મહારાજ સાહેબો વિચારમાં પડયા. આટલી વારમાં પાણી તૈયાર? તેઓશ્રી ગયા. પાણી વહોર્યું પણ મનમાં ક્ષોભ રહ્યા. ૧૨ થી ૧૪ કિ. મી. ના વિહાર બાદ ઠંડા જળની જોગવાઈ ન મળી. વહોરવાનું નિમંત્રણ મળ્યું. ગયા અને આછી પાતળી જોગવાઈ મળી. પણ સંતોને તે બાબતની કશી પરવાહ હોતીજ નથી, મળે તો સંયમ પુષ્ટિ ન મળે તો તપ પુષ્ટિ આવી સુંદર ભાવના જેમને હૈયે વસે છે તેને કસી અગવડતા જણાતી જ નથી.

પોટકું ઉપાડનાર બાઈએ મકાન તરફ–દીવાલો તરફ નજર નાખી. મુમુક્ષુ બહેનની દૃષ્ટિ ચોમેર ઘુમી વળી. મકાન–ઉપાશ્રય બાબત અનુમોદના કરી. ધન્ય એ ભાગ્યશાળીને! આવા શ્રાવક વિહોણા સ્થળે પણ આવો આલિશાન ઉપાશ્રય! ઉપર અને નીચે દૃષ્ટિ ફરી વળી પણ ક્યાંય ચેતનનો ભાસ થયો નહિ. જેમ તેમ કરતાં દિવસ વીત્યો, વળી પ્રાતસમયે તેટલાજ કિલોમીટરનો વિહાર.

મુમુક્ષુ બહેન પ્રૌઢ વયના હતા, ખુબ શિક્ષિત હતા. વિહારની મુશ્કેલીઓ અનુભવી હતી. તેમના હૈયે વિચાર આવ્યો. આવા આલિશાન મકાનને સ્થાને ફક્ત પૂરતી સુવિધાવાળું બેઠા ઘાટનું મકાન હોત તો પણ ચાલત. મહારાજ સાહેબોને તો બીજે દિવસ વિહાર કરવાનો હોય છે, ઠીક ઠીક રકમ વધારી એકાદ ઘર શ્રાવકનું વસાવ્યું હોત, તેમને પાંચ હજાર આપી ધંધો કરાવ્યો હોત્ત અને માસિક બસો રૂપિયાના પગારે રાખ્યા હોત તો મુનિ **ભગવંતોને વિહારમાં** ખૂબ સગવડતા રહેત. **અને શ્રાવકનું એક કુટુંબ** સારી રીતે નભી શકત. સત્કાર્યના પ્રણેતાના પૈસા ખૂબ લેખે લાગત, એવો વિચાર વિદ્યુત્–શો સરકી વિલય થઇ ગયો.

+ + +

નાનું એવું ગામ. શ્રાવકના બે, ત્રણ ઘર. નાનો શો ઉપાશ્રય, નાનકડું ઘર દેરાસર, ઉનાળાના દિવસોમાં વિહાર કરી બે સાધુ ભગવંત પધાર્યા. સાથે બે ડોળીવાળા. એક શ્રાવકે, તેમને જોતાંજ દુકાન છોડી દોડયો. ગુરુભગવંતને વંદન કર્યું પધારો સાહેબ—અહિંજ ઉપાશ્રય છે. આપ તેનો ઉપયોગ કરો. ઉપાશ્રયમાં પેસતાજ ગુરુભગવંતોને શાંતિ થઈ, ઉપાશ્રય તદ્દન સાફ હતો. તેમણે ક્રિયા આદિ પતાવ્યા કે બે શ્રાવકોએ આવી પાણી વહોરવા આવવાની વિનંતી કરી. અગાઉથી ઉકાળેલું ઠંડુ પાણી મળ્યું તૃષા તૃપ્ત કરી, ચા–આદિ વહોરવાની વિનંતી કરી. ભાવપૂર્વક દરેક ઘરે વહોરાવવામાં આવ્યું. પછી ડોળીવાળાને પણ ચા નાસ્તો કરાવ્યો. વારંવાર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રાવકો આવતા-જતા કશી અગવડતા નથીને—વગેરે પૃચ્છા કરી જતા. અનુકુળ સમયે ભક્તિ ભાવપૂર્વક યથાશક્તિ ગોચરી વહોરાવી.

તેજ દિવસે બીજા ચાર સાધ્વીજી મહારાજ સાહેબ પધારેલ. તેથી તેમને શ્રાવકને ત્યાં ઉતરવાની સુવિધા કરી હતી. સાથે આવનાર બાઇને પણ આદરપૂર્વક ચા નાસ્તો કરાવી રજા આપી. સાધ્વીજી મહારાજ સાહેબોને પણ ઉલ્લાસપૂર્વક વહોરાવી ધન્યતા અનુભવી. સાધુ મહારાજ સાહેબો અને સાધ્વીજી મહારાજ સાહેબોને ભક્તિથી ખૂબ સંતોષ થયો. ડોળીવાળાએ અમારો દિવસ આનંદથી વીત્યો તેમ જણાવી હર્ષ અનુભવ્યો, પ્રાતઃસમયે સહુ વિહાર કરી ગયા.

બીજે દિવસે ચાર સાધ્વીજી મહારાજ સાહેબ આ સ્થળે પધાર્યા. સવારના ભક્તિ પતી હતી, તેવામાં એક સાધ્વીજી મહારાજ સાહેબ ઓસરીથી ઉતરતાં પડી ગયા. દુઃખતા પગ ઉપરજ ભાર આવ્યો, પરિણામે તે પગમાં ફ્રેકચર થયું. તેમની સાથે ડોળી હતી. ચાર બહેનો ડોળી ઉંચકનાર હતી. પીડા ખૂબ વધતાં, ભાવનગર એક યુવકને મોકલ્યો, બપોરના બે વાગ્યે મોટર સાથે હાડવૈદ્ય અને સાધ્વીજીના સંસારી કાકા આવ્યા. ત્યાં ઉપચાર થઇ શકે તેમ નથી તેમ વૈદરાજને જણાતા મોટરમાં મહામુશ્કેલી પૂર્વક બેસાડી, પાલીતાણા લઈ જવા પડયા.

આ પહેલાં બીજા ત્રણ સાધ્વીજી વિહાર કરીને દર્શન કરી પધાર્યા હતા. ભાવપૂર્વક, ભક્તિપૂર્વક શ્રાવિકા અને શ્રાવિકાઓએ સુવિધા સાચવી હતી. સાંજે પ્રથમ પધારેલ સાધ્વીજીઓને વલભીપુર વિહાર કરવો પડયો તે પહેલાં સાંજની ગોચરીની સુવિધા થઈ ચુકી હતી. પૂજ્ય સાધ્વીજી મહારાજના માંગલિક પછીના શબ્દો સાંભળનાર શ્રાવકોની ને શ્રાવિકાઓની ભક્તિની અનુમોદના કર્યા વગર રહે નહિ. આ રીતે આ નાનકડું ગામ દરેક સાધુ મહારાજ સાહેબ તથા સાધ્વીજી મહારાજ સાહેબની સ્મૃતિમાં વસી ગયું છે.

ભાવનગર, પાલીતાણા વગેરે સ્થળેથી વિહાર કરી, અત્રે મુનિભગવંતો પધારે છે, અહિંથી રાજપરા, રતનપુર, સાંગાવદર, લાઠીદડ કે કારિયાણી અને લાખ્યાણી તરફ થઈ બોટાદ વગેરે સ્થળે જાય છે. અથવા અમદાવાદથી પધારતાં મુનિભગવંતો અત્રેથી વિહાર કરી પાલિતાણા આદિ સ્થળે જાય છે. વિહારનો આ ધોરી માર્ગ છે.

આ ધોરી માર્ગમાં વસતા શ્રાવકોની ભાવના અતૂટ રહે અને ભક્તિ પૂર્વકની હરહંમેશ રહે-તેનો વિચાર મહાનુભાવો ભક્તિ ભાવુકોએ કરવો જોઇએ. ત્યાં વસતા શ્રાવકોની સ્થિતિ કેવી છે, અને તેમને શી મુશ્કેલીઓ છે. તે વિશેની વિચારણા શું અગ્રિમતા નથી માગતી ? કદાચ તેઓ આર્થિક સ્થિતિના કારણે અગર અન્ય કારણે શહેરમાં જાય તો કેવી પરિસ્થિતિ સર્જાય તેની કલ્પના આવે ખરી ?

'આગ લાગે ત્યારે કૂવો ખોદવો' એ પરિસ્થિતિ વખતે શ્રાવકો વસાવવા અને તેને માટે ગમે તે ખર્ચ કરવો એ વાત બીન વ્યવહારૂ બનશે. માટે જેઓ છે તે ત્યાં સ્થિર રહે એવી પરિસ્થિતિ સર્જવા ઉદાર દીલ ગૃહસ્થો અને જૈનોએ કમર કસવી ઘટે.

એવી અભ્યર્થના,

**—પોપટલાલ રવજીભાઇ સલોત**

---

( અનુસંધાન પેજ ૧૦૯નું ચાલુ )

હે પ્રભો..આ તો મેં મારા કકળતા ને ટળવળતા હૈયાની વેદના ઠાલવી છે. તારા સંઘ અને તારા શાસનની હાલની હાલત જોઈ ને જે દુઃખ પીડા ભીતરમાં કસક બનીને ઉઠે છે. એ વ્યક્ત કરી છે ! જો મારી ભૂલ હોય તો મને ક્ષમા કરી દેજો મારા દેવ ! મારી ધારણાઓને બદલી દેજો નાથ ! કાં પછી આ સંઘ અને શાસનને ફરી ગૌરવાન્વિત કરો....એની શાન આલીશાન બનીને શતદલ સોહી રહે એવું કંઈક કરો....મારા પ્રભો !

[ 'સ્નેહદીપ' દ્વારા અનૂદિત ]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

## વિદ્યાર્થીગૃહ--પ્રવેશ

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મુંબઈ, અંધેરી, અમદાવાદ, વડોદરા, વલ્લભવિદ્યાનગર, પૂના અને ભાવનગર વિદ્યાર્થીગૃહોમાં એસ. એસ. સી. કે સમાનકક્ષાની પરીક્ષા ઉત્તીર્ણ કરી આગળ અભ્યાસ કરનાર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. દરેક વિદ્યાગૃહ માટે અલગ અરજીપત્રક છે. જેની કિંમત **રૂપિયા બે** છે અને ટપાલ દ્વારા મંગાવનારે ટપાલ ખર્ચના ૪૦ પૈસા સાથે રૂા. ૨-૪૦ની ટપાલ ટિકિટ મોકલવા ઉપરાંત જે સ્થળનું અરજીપત્રક જોઇતું હોય તે સ્થળ અંગે સ્પષ્ટતા કરવી જરૂરી છે. અરજીપત્રક મુંબઈમાં સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૦-મી જૂન છે, સરનામું :-

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિમાર્ગ, મુંબઈ-૪૦૦૦૩૬**

## ઉચ્ચ શિક્ષણ અંગે સહાય

એસ. એસ. સી. કે સમાન કક્ષાની પરીક્ષા પછી કોલેજમાં ઉચ્ચ અભ્યાસ કરનારા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને "શ્રી સારાભાઇ મગનભાઇ મોદી ઉચ્ચ અભ્યાસ શિષ્યવૃતિ ટ્રસ્ટ ફંડ" માંથી પૂરક આર્થિક સહાય ટ્રસ્ટ યોજનાના નિયમાનુસાર લોન રૂપે આપવામાં આવે છે. તે માટેનુ, નિયત અરજીપત્રક ૫૫ પૈસાની ટપાલ ટિકિટ મોકલવાથી મળશે. આ ફંડમાંથી સહાય લેવા માટે અરજી કરનારે એસ. એસ. સી. પરીક્ષા સંસ્કૃત કે અર્ધમાગધી સાથે ઓછામાં ઓછી ૪૫% માર્કસ મેળવી પસાર કરેલી હોવી જોઈએ,

## માધ્યમિક શિક્ષણ અંગે સહાય

માધ્યમિક શિક્ષણ ( ધોરણ ૮ થી ૧૦ ) માટે "શ્રી સારાભાઈ મગનભાઇ મોદી લોન સ્કોલરશીપ ફંડ"માંથી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓને લોન રૂપે સહાય આપવામાં આવે છે. તે માટેનું નિયત અરજીપત્રક ૩૦ પૈસાની ટપાલ ટિકિટ મોકલવાથી મળશે.

## કન્યા છાત્રાલય શિષ્યવૃતિ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય દર વર્ષે કોલેજમાં શિક્ષણ લેતી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન બહેનોને શિષ્યવૃતિ આપે છે, તે માટેના નિયત અરજીપત્રકની કિંમત રૂા, ૧-૦૦ છે. ટપાલથી મંગાવનારે ૩૦ પૈસા વધુ મોકલવા.

ઉપરોકત સહાય અને શિષ્યવૃતિ અંગેના અરજીપત્રકો સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦-જૂન છે. અરજીપત્રકો મેળવવાનું તથા મોકલવાનું સરનામું :-

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૩૬**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### માન્યવર સભાસદ બંધુઓ અને સભાસદ બહેનો,

# આમંત્રણ

આ સભાના ૮૮મો વાર્ષિક ઉત્સવ શ્રી તાલધ્વજગિરિ ઉપર સંવત ૨૦૪૦ના જેઠ શુદ ચોથને રવિવાર તા. ૩–૬–'૮૪ના રોજ ઉજવવામાં આવશે.

આ પ્રસંગે સવારમાં શ્રી તાલધ્વજગિરિ ઉપર સ્વ. શેઠશ્રી મુળચંદ નથુભાઈ તરફથી પુજા ભણાવવામાં આવશે, તેમજ સ્વ. વોરા હઠીસંગ ઝવેરભાઈ તથા ભાવનગરવાળા શેઠશ્રી નાનચંદ તારાચંદ તથા શેઠશ્રી ધનવંતરાય રતીલાલ છગનલાલ ( અંબિકા સ્ટીલવાળા ) તથા શેઠશ્રી સલોત ચુનીલાલ રતીલાલ અને તેમના ધર્મપત્ની અ. સૌ. જસુમતીબેન ચુનીલાલ તથા માતુશ્રી અંજવાળીબેન વચ્છરાજ અને ભુપતરાય નાથાલાલ શાહ ( મહાવીર કોર્પોરેસન દરબાર ગઢવાળા) ના રકમના વ્યાજ વડે સભાસદ બંધુઓનો ભોજન સમારંભ યોજવામાં આવેલ છે. તો આપશ્રીને જેઠ સુદ ચોથને રવિવારના રોજ તળાજા આવવા આમંત્રણ છે.

લી. **જૈન આત્માનંદ સભા, ભાવનગર.**

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી તેમના સભાસદોને " **વૈરાગ્ય ઝરણા** "ની પુસ્તિકા ભેટ આપવાની છે. તો સ્થાનિક સભાસદો ને શ્રી સભાની ઓફીસમાંથી લઈ જવા નમ્ર વિનંતિ કરવામાં આવે છે. બહારગામના સભાસદોને પોસ્ટથી મોકલી આપવામાં આવશે.

શ્રી **જૈન આત્માનંદ સભા, ભાવનગર.**

## પરમ પૂજ્ય પ્રભુનું સ્મરણ

દુઃખમેં સુમિરન સબ કરૈ, સુખમેં કરે ન કોય,
જો સુખમેં સુમિરન કરૈ તો દુઃખ કાહે હોય. (૧)

સુખમેં સુમરિન ના કિયા, દુઃખમેં કિયા યાદ,
કહ કબીર તા દાસ કી, કૌન સુને ફરિયાદ. (૨)

સુમિરનકી સુધિ યોં કરૌ, જૈસે કામી કામ,
એક પલક બિસરૈ નહિ, નિસદિન આટોજામ, (૩)

સુમરિન સોં મન લાઈયે જૈસે નાદ રંગ,
કહ કબીર બિસરૈ નહિ, પ્રાન તજે તેહિ સંગ. (૪)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## —: અમૂલ્ય પ્રકાશન :—

અનેક વરસોની મહેનત અને સંશોધનપૂર્વક પરમપૂજ્ય વિદ્વાન

મુનિરાજશ્રી જંબુવિજયજી મહારાજના

વરદહસ્તે સંપાદિત થયેલ અજોડ અને અમૂલ્ય ગ્રંથ

# દ્વાદસારં નયચક્રમ્ પ્રથમ અને દ્વિત્તીય ભાગ

આ અમૂલ્ય ગ્રંથ જેમાં નયોનું અદ્‌ભુત વર્ણન છે તે દરેક સાધુ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. દરેક ગૃહસ્થોએ અને સમાજની દરેક લાયબ્રેરી માટે વસાવવા જોઈએ.

આ ગ્રંથ માટે પરમપૂજ્ય આચાર્યશ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મહારાજ જણાવે છે કે—

ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાએ આ પુસ્તકનું પ્રકાશન કર્યું તે એક મોટા ગૌરવની વાત છે. જે વિદ્વાન મુનિ મહારાજો, સાધ્વીજી મહારાજો, તથા શ્રાવકો તેમજ શ્રાવિકાઓને **જૈન દર્શનના અભ્યાસ** માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

**ભારતભરમાં અનેક જૈન સંસ્થાઓ છે.** તેઓએ પ્રગટ કરેલા પુસ્તકોમાં આ **'દ્વાદશારં નયચક્રમ્'ને શ્રેષ્ઠ સ્થાને** મૂકી શકાય તેમ છે. માટે શ્રી જૈન આત્માનંદ સભાને ધન્યવાદ ઘટે છે. (કીંમત રૂા. ૪૦-૦૦ પોસ્ટ ખર્ચ અલગ)

---

## બહાર પડી ચુકેલ છે જિનદત્તકથાનકમ્ (અમારૂં નવું પ્રકાશન)

પ્રસ્તુત જિનદત્તકથાનક સંસ્કૃત ભાષાના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી એવો કથાગ્રંથ છે.

સ્વ. પૂજ્યપાદ આગમપ્રભાકર શ્રુત-શિલવારિધિ શ્રી પુણ્યવિજયજી મહારાજની ઇચ્છાનુસાર આ ગ્રંથ પ્રકાશન કરવામાં સફળ થતા ખુબ આનંદ અને સંતોષ અનુભવાય છે.

અમારી વિનંતિને ધ્યાનમાં લઈને પરમપૂજ્ય સાધ્વીજી મહારાજશ્રી ઓંકારશ્રીજી મહારાજે આ ગ્રંથનું સંપાદન-સંશોધનનું કાર્ય કરી આપવાની કૃપા કરી છે.

આ કથાનકનો ગુજરાતી ભાષામાં પણ સંક્ષિપ્ત સાર આપવામાં આવ્યો છે. આ ગ્રંથ દરેક લાયબ્રેરીમાં વસાવવા યોગ્ય છે. (કિંમત રૂા. ૮-૦૦)

લખો— **શ્રી જૈન આત્માનંદ સભા** : ખારગેટ, ભાવનગર.


તંત્રી : શ્રી પોપટભાઇ રવજીભાઇ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only